# GPSC વર્ગ 1, 2 મુખ્ય પરીક્ષા-2002

# ગુજરાતી (ફરજિયાત)

૧. ગમે તે એક વિષય પર વિસ્તૃત નિબંધ લખો. :
(૧) ભૂકંપગ્રસ્ત ખંડેર ઘરની આત્મકથા
(૨) પ્રદૂષણ હટાવો પર્યાવરણ બચાવો
(૩) કોમી એકતા
(૪) પહેલા વરસાદના મારા અનુભવો....

૨. અહીં આપેલી પંક્તિઓનું વિવરણ કરો : (ગમે તે **બે**)
(૧) ક્ષમામાં જે શક્તિ છે તે દંડમાં નથી.
(૨) નમતાથી તો સૌ કોઈ રીઝે, નમતાને બહુ માન
સાગરને નદીઓ ભજે છોડી ઊંચા સ્થાન !
(૩) ત્રણ વાનાં મુજને મળ્યાં :
હૈયું મસ્તક હાથ;
બહુ દઈ દીધું, નાથ !
જા, ચોથું નથી માગવું.
(૪) બાથ ભરી ભેટ્યા થકી કરીએ નહિ વિશ્વાસ
ફોફળને લઈ બાથમાં : સૂડી કરે વિનાશ....
(૫) જગની સર્વ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

૩. (અ) નીચે આપેલો પરિચ્છેદ વાંચીને એની વિવરણાત્મક સમજૂતી આપો અને ફકરાનું યોગ્ય શીર્ષક સૂચવો :

**પરિચ્છેદ**

આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુધ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે, એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. એ શુધ્ધિ સાધ્ય છે. પણ શુધ્ધિનો માર્ગ વિકટ છે એમ હું તો પ્રતિક્ષણ અનુભવું છું. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકાર થવું, રાગ - દ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથવા છતાં હું પહોંચ્યો નથી, તેથી લોકની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણીવેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાંયે મને કઠિન લાગે છે. હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું, શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારું મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિધ્ધ વાત છે.

*- ગાંધીજી*

**અથવા**

૩. ઉપર આપેલા પરિચ્છેદનું હાર્દ અળપાય નહીં એમ એનો (આશરે એક તૃતિયાંશ) સંક્ષેપ કરો. તમારા સંક્ષેપને યોગ્ય શીર્ષક બાંધો.

૪. કૉલેજમાં અધ્યાપકની ખાલી જગ્યા ભરવા માટેની, વર્તમાનપત્રમાં જાહેરખબર આવી છે. તમે એ માટે ઉમેદવારી નોંધાવો છો એ મતલબની અરજી લખો.

**અથવા**

૪. તમારા ગામમાં કોમી તોફાનો દરમ્યાન બનેલી ઘટનાઓ વિશે, વર્તમાનપત્ર માટે, વિસ્તૃત અહેવાલ લખો.

૫. પ્રજા તથા શાસકોનું ધ્યાન દોરવા (વર્તમાન પત્રમાં પ્રકાસિત કરવા સારુ) કોઈ એક સમસ્યાને લઈને ચર્ચાપત્ર તૈયાર કરો. (ગમે તે એક)
(૧) તમારા વિસ્તારમાં ગંદકી વધી ગઈ છે.
(૨) લૂંટફાટ તથા નાની-મોટી ગુંડાગીરીને લીધે તમારા વિસ્તારની પ્રજા ભયભીત બની છે.

૬. નીચે આપેલા પેટાપ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. :
(અ) કહેવત યા રૂઢિપ્રયોગનો અર્થ સમજાવી વાક્યમાં તેનો પ્રયોગ કરો :
(ગમે તે **પાંચ**)
(૧) કાગનો વાઘ કરવો
(૨) દા'ડો વાળવો
(૩) આંગળીથી નખ વેગળા
(૪) દોરડી બળે પણ વળ ના જાય
(૫) માથે છાણાં થાપવાં
(૬) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન
(૭) ભાવતું હતું અને વૈદ્યે કહ્યું
(૮) દાળમાં કાળું હોવું
(૯) મૂળે કારેલી કડવી અને પાછી લીમડે ચડી
(૧૦) સૂંઠને ગાંગડે ગાંધી થવું.
(બ) સંધિવિગ્રહ કરો : (ગમે તે **પાંચ**)
(૧) દેવાલય, મહર્ષિ, પ્રત્યક્ષ, લાભાલાભ, ઉદ્ધાર, સમર્પણ, વિચ્છેદ, મનોજ, નીરવ, ભવન, નાવિક.
(૨) સમાસવિગ્રહ કરીને ઓળખાવો : (ગમે તે **ચાર**)
ટપાલપેટી, દહીંવડાં, વરમાળા, પરમેશ્વર, દાણાપાણી, નવરાત્રિ, પીતાંબર, પ્રતિદિન, ભવાટવિ, અભૂતપૂર્વ.
(ક) (૧) વિરુધ્ધાર્થી શબ્દ આપો : (ગમે તે છ)
અસલ, રક્ષણ, ક્ષય, નિવૃત્તિ, ખાનગી, વિધિ, તળેટી, સાર્થક, શાશ્વત, નિર્વેદ, શ્રોતા, ભૂચર
(૨) સમાનાર્થી શબ્દ આપો : (ગમે તે છ)
પંકજ, વધૂ, શૈશવ, ધણી, તેજ, વાટિકા, ઘમંડ, મજહબ, અંબાર, ચાંદની, પવન, મનીષા
(૩) ગમે તે **આઠ** શબ્દોની જોડણી સુધારો :
નીમિત્ત, આર્શીવાદ, પરિસ્થીતિ, વીણાપાણી, સબન્ધ, ભુપતિ, પરિચીત, રુબરુ, વિધૂર, એશ્વર્યા, રૂતુ, સન્યાસી, સંતપર્ક, વાગ્મય, રૂચિર, લુખુંસુખું.
(ડ) પદવિન્યાસ એટલે શું ? ઉદાહરણો સાથે સમજાવો.

**અથવા**

(ડ) માગ્યા પ્રમાણે કરો :
(૧) ક્રિયાપદ વગરનાં બે વાક્યો લખો.
(૨) માત્ર ક્રિયારૂપોનાં બનેલાં બે વાક્યો લખો.
(૩) આપેલાં પદો યોગ્ય ક્રમમાં ગોઠવી સાર્થ વાક્ય બનાવો :
(અ) દીવો મારું નહીં બળે મન છે.
(બ) ઊભી ડુંગર વાટ આડા.